## હોળી ઈફેક્ટ :

# રાજસ્થાન તરફ જતી તમામ બસ - ટ્રેન હાઉસફુલ

### રાજસ્થાની પરિવારો કર્મભૂમિ છોડીને વતન તરફ જવા રવાના થયા




ગાંધી.તા.૨૬

હોળી છે રંગોનો પર્વ અને આ પર્વની તમામ લોકો ધામધૂમથી ઉજવણી કરતા હોય અને તેમાં પણ રાજસ્થાનમાં આ તહેવારનું ઘણું મહત્વ હોય છે.રંગોના તહેવાર હોળીની ઉજવણીની ઉત્સાહભેર તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. આ તહેવારના અવસર પર વતનથી દૂર રહેતા દરેક પોતાના પ્રિયજનો સાથે તહેવારની ઉજવણી કરવા ઉત્સુક રહે છે. ત્યારે ગાંધીનગર માં રહેતા અને મૂળ રાજસ્થાની પરિવારો પોતાના વતન તરફ રવાના થઈ રહ્યા છે જેના કારણે તમામ ટ્રાવેલ સેવાઓ માં ભીડ નો માહોલ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર માં રહેતા રાજસ્થાની પરિવારો માટે મીની વેકેશન જેવો માહોલ હોળી પર્વ માં આવે છે. જેના કારણે શહેર માં બાંધકામો અને ઘરના કામ કરતા માણસો ની સંપૂર્ણ ખોટ રહે છે. રાજસ્થાની પરિવાર ના લોકો માટે ગાંધીનગર પોતાની કર્મભૂમિ રહી છે મોટા પાયે લોકો અહીંયા આવીને નાની મોટી કામગીરીઓ કરવા માટે આવે છે. અને મહેનત કરીને પોતાની રોજી રોટી કમાય છે.ત્યારે આ પરિવારો નો સૌથી મોટી તહેવાર આવતા કર્મભૂમિ છોડીને પોતાના વતન જવા રવાના થયા છે.જેઓ હોળી બાદ એક મહિના પછી પરત ફરે છે અને મીની વેકેશન માણી ને આવે છે.

અધિક માસમાં દુકાળની જેમ સ્પેશિયલ ટ્રેનનું ભાડું વધારે થઈ જવા સાથે નિયમિત ટ્રેન ભરાઈ જવાથી મુસાફરો પરેશાન થઈ ગયા છે. ગાંધીનગર ડેપો માં બસ માં ભીડ જોવા મળી રહી છે. ખાનગી વાહનો માં પણ ફૂલ બુકિંગ શરૂ છે.

રાજસ્થાન તરફ જતી તમામ ટ્રેન હાઉસફુલઃ

રાજસ્થાન તરફ જતી તમામ ટ્રેન પણ હાઉસફુલ છે. બુકિંગ વધી જતાં રાજસ્થાન તરફ જતી ટ્રેનના કોચમાં વધારો કરવા સૂચના આપવામાં આવી છે. પરિવાર સાથે રાજસ્થાન હોળી મનાવવા લોકો વતન તરફ વળ્યા છે. ઉદયપુર, જયપુર, જેસલમેર સહિત ના વિસ્તાર માં જવા પેસેન્જરનો મોટો ધસારો જોવા મળી રહ્યો છે. ટ્રેનની ટિકિટ નહીં મળતાં લોકો બસમાં જવા તૈયારઃ

હોળીમાં વતન જવા માટે ટ્રેનમાં પડાપડી શરૂ થઈ ગઈ છે. ખાસ કરીને રાજસ્થાન જતી ટ્રેનમાં વેઈટિંગ લિસ્ટ વધી ગયું છે. હોળીના તહેવારને આડે હવે ગણતરીના દિવસો બાકી છે. કન્ફર્મ ટિકિટ મેળવવાની આશામાં લોકો સવારથી જ રિઝર્વેશન કાઉન્ટર પર લાંબી લાઈનમાં ઊભા રહે છે પરંતુ કન્ફર્મ ટિકિટ નહીં મળતાં ઘણા લોકો તહેવાર પર ઘરે જવા માટે શહેરની તમામ ખાનગી ટ્રાવેલ્સનો સંપર્ક કરવા ઉપરાંત અન્ય વિકલ્પો શોધી રહ્યા છે.

# ગાંધીનગરની "ગ્રીનસિટી" તરીકેની ઓળખ બચાવવા મુખ્યમંત્રીને રજુઆત

**સે.૧૭માં નિર્માણાધિન ધારાસભ્ય નિવાસ માટે વર્ષો જુના વૃક્ષોના નિકંદન સામે વસાહત મહાસંઘનો મુખ્યમંત્રીને ખુલ્લો પત્ર : અનેકવાર મંજુરી કરતાં વધુ વૃક્ષો કાપી નાંખવામાં આવે છે તેવા આક્ષેપ સાથે માત્ર નડતરરૂપ વૃક્ષો જ કાપવા માગણી કરાઇ**



ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના પાટનગર ગાંધીનગરને એક સમયે "ગ્રિનેસ્ટ કેપિટલ ઓફ ધ એશિયા"નું બિરુદ મળ્યું હતું તે તો ક્યારનુંય છીનવાઈ ગયું છે તેમ છતાં શહેરની ઓળખ હરિયાળી નગરી એટલે કે "ગ્રીનસિટી" તરીકેની જળવાઈ રહી હતી જેનું કારણ શહેરની વનરાજીમાં અનેક દુર્લભ વૃક્ષો સહિત શોભતા વર્ષો જુના ઘટાદાર વૃક્ષો રહ્યાં છે. જોકે ગાંધીનગરમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી વિવિધ વિકાસ યોજનાઓમાં સંખ્યાબંધ વૃક્ષોનો ભોગ લેવાનો સિલસિલો ચાલી રહ્યો છે જેની શહેરના પ્રકૃતિ નાગરિકોના હૃદયમાં "ટીસ" ઉઠતી રહી છે પરંતુ અસંવેદનશીલ તંત્ર દ્વારા તેની સતત અવગણના કરવામાં આવી રહ્યું હોવાની લાગણી અનુભવાઈ રહી છે. આ બાબતને અનુલક્ષીને અનેક સંસ્થાઓ દ્વારા વારંવાર અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે અને સોશિયલ મિડીયા પર પણ સતત ચિંતા વ્યક્ત કરાઈ રહી છે છતાં ફરી હવે સેક્ટર-૧૭ ખાતે બની રહેલાં ધારાસભ્ય નિવાસ માટે પવિત્ર રુદ્રાક્ષના વૃક્ષ સહિત ૧૯૯ જેટલાં વૃક્ષોના છેદનનો નિર્ણય લેવાયો છે અને તેની કામગીરી પણ શરૂ કરી દેવાઈ છે ત્યારે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ મુખ્યમંત્રીને ખુલ્લો પત્ર લખીને રજૂઆત કરી છે કે આ નિર્માણમાં માત્ર નડતરરૂપ હોય તેજ વૃક્ષો કાપો અને હવે ભવિષ્યમાં પણ ગાંધીનગરની "ગ્રીનસિટી" તરીકેની ઓળખ ભુંસાઈ ના જાય તેવું આયોજન કરશો.

કેશરીસિંહસ લખેલા ખુલ્લા પત્રમાં જણાવ્યું છે કે "પાટનગરમાં છેલ્લાં દસેક વર્ષોમાં મંજુરી કે ના મંજુરી સાથે લાખો લીલાછમ વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યું છે જેનાથી શહેરના પર્યાવરણને ભારે નુકસાન થયું છે, દિવસે દિવસે અન્ય શહેરો કરતાં ગાંધીનગરમાં ઉનાળાના સમયમાં તાપમાન ઉચું જાય છે આથી શહેરના નગરજનો ગરમીથી મુશ્કેલીઓ અનુભવે છે. ગાંધીનગર શહેરમાં અગાઉ જાહેર રોડ-રસ્તા વસ્તી અને વિકાસને અનુકૂળ બનાવાયા હતા. હાલ વિકાસના નામે રસ્તા પહોળા કરવાના નામે તેમજ ઓવરબ્રીજ-અંડરબ્રીજના નામે વર્ષો જૂના વૃક્ષો કાપવામાં આવ્યા છે જેને પગલે "ગ્રીનસિટી" તરીકેની ઓળખ ભૂંસાતી જાય છે. સેક્ટર-૧૭ ખાતે ધારાસભ્યો માટે બની રહેલાં નિવાસના નિર્માણ માટે ૧૯૯ વૃક્ષો કાપી નાખવા સરકારી મંજૂરી આપી દીધી છે ત્યારે ઓછા વૃક્ષો કપાય તેવી તકેદારી લેવા અને હવે વિકાસના નવા કામોમાં જરૂર હોય તેટલાં ઓછામાં ઓછા વૃક્ષો કાપીને શક્ય હોય તેટલા વૃક્ષોને બચવવા માંગણી મહાસંઘે કરી છે. આ સાથે કેશરીસિંહે માંગણી કરી છે કે શહેરમાં વધુમાં વધુ વૃક્ષો ઉગાડવાની સાથે મંજૂરી કરતાં વધારે વૃક્ષો કપાઈ ન જાય તેનું પણ તંત્ર ધ્યાન રાખે તે જરૂરી છે. તેઓએ આક્ષેપ કર્યો હતો કે ભુતકાળમાં ઘણીવાર અનેક જગ્યાએ મંજૂરી કરતાં વધારે વૃક્ષો કાપી દેવાયાં છે અને કોઈ પુછવા જોવાવાળું પણ હોતું નથી. આ સાથે તેમણે ૧૮૨ ધારાસભ્યોના મકાન સામે નિકંદન કાઢવામાં આવનાર ૧૯૯ વૃક્ષોને જીવતદાન આપી બચાવી લેવામાં આવે તેવી શહેરના નાગરિકો અને પર્યાવરણ પ્રેમીઓની હૃદયથી લાગણી અને માગણી છે અને પુનઃ ગાધીનગર શહેર હરિયાળી નગરી તરીકે ઓળખવામાં આવે તેવી મુખ્યમંત્રીને નમ્ર ભલામણ સહ વિનંતી કરી છે.

# રાજસ્થાની વણઝારા પરિવારો હોળી માંગવા બજારોમાં નીકળ્યાઃ

ગાંધીનગર,તા.૨૬

હોળી પર્વને લઈને ગાંધીનગર માં રાજસ્થાની વણઝારા , સરગરા જાતિના લોકો વિવિધ બજારોમાં અને ઘરોમાં વેપારીઓ અને રહીશો પાસેથી સ્વૈચ્છાએ પ્રેમભાવથી આપે તો તેવા ભાવ સાથે હોળી નિમિતે પૈસા લેવા માટે નીકળ્યા છે. મારવાડી સાતમ-આઠમ સુધી આ પરિવારો બજારમાં ફરે છે.

તેઓ બાર મહિને હોળીએ ઘરેઘરે ફરીને રાજસ્થાની ગીતો ગાય છે, લોકનૃત્ય કરે છે, હોળીની શુભકામનાઓ આપે છે અને હોળી પર ભેટસોગાદ મેળવવાની આશા રાખે છે. લોકો આ પરિવારોને આવકારે છે અને તેમને યથાશક્તિ પૈસા કે નાની-મોટી ભેટ આપીને ખુશ કરે છે.

હોળીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે રાજસ્થાની પરિવારોમાં નવજાત બાળક કે જેને જન્મ થયાને એક વર્ષ થયું હોય તેવા બાળકોને ધૂળેટીના દિવસે સ્વજનો મળવા , આશિર્વાદ આપવા અને રમાડવા આવતા હોય છે.

રાજસ્થાનમાં આ પ્રથાને ધૂળોત્સવ કહે છે આ પ્રસંગે સ્વજનો એકત્ર થાય છે અને સાથે જમીને પર્વ મનાવે છે.

રાજસ્થાની પરિવારો માટે હોળી-ધૂળેટી એ દિવાળી કરતા પણ મોટો તહેવાર છે. હોળીથી લઈને મારવાડી સાતમ સુધી રંગોત્સવ મનાવે છે. છઠ્ઠના દિવસે ઘરે રાંધે છે અને સાતમના દિવેસ ઠંડુ જમે છે, આ માટે તેઓ નજીકના પર્યટન સ્થળે સહપરિવાર જવાનું વધુ પસંદ કરતા હોય છે.

રાજસ્થાન માં વસતા પરિવારો મોટાપાયે કેસુડાથી હોળી-ધૂળેટી રમે છે. કેસુડાનું પાણી એકબીજા પર નાંખે છે અને આનંદોત્સવ મનાવે છે.

**લોકગીત નૃત્ય કરીને હોળીનો માહોલ જમાવ્યો**



# સે.પસી ખાતે ચાલતું ગટર લાઈનનું કામ તેજ ગતિમાં



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં વિવિધ વિકાસ કાર્યો ખૂબ પૂરજોશમાં ચાલી રહ્યા છે જેમાં ખાસ કરીને પાણીની નવી પાઈપલાઈનનો સાથે ગટર તેમજ વરસાદી પાણી ના નિકાલ માટેની સ્ટ્રોમ વોટર લાઈનનું નવીનીકરણનું કામ પણ ચાલી રહ્યું છે. હાલ શહેરના સેકટર - પસી ખાતે મેઈન રોડ ઉપર ગટર લાઈનનું કામ તેજ ગતિમાં ચાલુ છે જેના કારણે વાહનચાલકોને થોડીઘણી મુશ્કેલી પણ પડી રહી છે. જોકે ગટરલાઈનના નવીનીકરણથી આવનારા સમયમાં ગટરો બનાવવાની સમસ્યાથી છુટકારો મળશે તે અપેક્ષાએ વસાહતીઓમાં આનંદની લાગણી પણ પ્રવર્તી રહી છે.




ઈન્ફો કિડ્સ પ્રીસ્કૂલ અને ડે કેર દ્વારા વાર્ષિકોત્સવ ‘નન્હી કિલકારીયા’નું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં નાના બાળકોએ અવનવા ડાન્સ રજૂ કર્યા હતા.

## સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમીની ખેલાડીને ફેન્સીગ સ્પર્ધામાં સિલ્વર મેડલ



ગાંધી.તા.૨૬

ખેલો ઈન્ડીયા વિમેન્સ લીગ ફેન્સીગ સ્પર્ધા મા સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમીની ખેલાડી મિતવા ચૌધરીએ આજે ચોથા અને અંતિમ દિવસે સિલ્વર મેડલ સાથે રૂ.૪૦,૦૦૦/- નો રોકડ પુરસ્કાર મેળવેલ છે. સિનિયર ઈપી બહેનોના વિભાગમા મિતવાએ લીગ રાઉન્ડમા કેરલાની બેનીત્તાને ૫-૧થી, મહારાષ્ટ્રની ધ્યાનેશ્વરીને ૫-૪થી, ઓડિસાની સુનયનાને ૫-૧થી, હરીયાણાની તનુજાને ૫-૨થી હરાવી તથા પંજાબની પવનદીપ સામે ૫-૪ની હાર સાથે લીગ રાઉન્ડની ૫ માથી ૪ બાઉટ જીતી હતી. નોક આઉટ રાઉન્ડમમા તમીલનાડુની જનની ને ૧૫-૧થી, પંજાબની બેબી વર્માને ૧૫-૧૦થી અને મહારાષ્ટ્રની અનુજાને ૧૫-૫ થી હરાવી સેમી ફાયનલમા પહોચી હતી. જ્યા સેમી ફાયનલમા તેલંગાણાની નાઝીયાને ૧૫-૯થી હરાવી ફાયનલમા સ્થાન પાકુ કર્યુ હતુ. ફાયનલમા પંજાબની પવનદીપ સામે ૧૨-૭ થી પરાજય થતા સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. મિતવા જેસંગભાઈ ચૌધરી મુળ પાટણ જિલ્લાની છે. તેણે ફેન્સીગ રમતની શરૂઆત જે.એમ. ચૌધરી સાર્વજનીક કન્યા વિદ્યાલય, ગાધીનગર થી કોચ કિજલબેન અને મેન્ટર ભરતજીના માર્ગદર્શન હેઠળ શરૂઆત હતી. બાદ મા ગુજરાત સરકારની સ્ટેટ ફેન્સીગ એકેડમીમા પસંદગી થઇ હતી. હાલમા સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમી ખાતે ઘનિષ્ઠ તાલીમ મેળવી રહેલ છે. મિતવાને સંસ્કારધામ સ્પોર્ટસ એટેડમીના ટ્રસ્ટી દિલિપભાઈ ઠાકર, સીઈઓ રજનીશ સિન્હા, એમેચ્યોર ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મુકેશભાઈ ચૌધરી અને મહામંત્રી ભરતજી ઠાકોર એ અભિનંદન પાઠવ્યાં હતા.

## ગાંધી સ્મૃતિ નિધિ વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૬

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સ્થાપક સભ્ય સ્વ. ગીજુભાઈ ત્રિવેદી સ્મૃતિ વ્યાખ્યાન સંદર્ભે સ્મૃતિ વ્યાખ્યાન ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરના પ્રમુખ સિ.સિ.કા.ના પૂર્વ પ્રમુખ ભાનુપ્રસાદ એચ. પુરાણી ‘‘ગાંધીજીવન દર્શન’’ સંદર્ભે ફેબ્રુઆરી માસની સિ.સિ.કા. તારીખ ૨૮-૨-૨૩ની માસિક બેઠક દરમયાન રાખેલ છે. સૌ સભ્યો અને ભાવિકોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યુ હતું.

# "એક શામ અમિતાભજી કે નામ" કાર્યક્રમે રંગ જમાવ્યો

**ગાંધીનગરના જાણીતા અમિતાભ ફેન દિલીપસિંહ બિહોલા અને લાખિયા બ્રધર્સનું સુપર પરફોર્મન્સ : જુનિયર અમિતાભ પિનાકિન ગોહિલે યુવાનોને નચાવ્યાં : કાર્યક્રમની આવક રાજપૂત સમાજની જરૂરિયાતમંદ વિધવા બહેનો માટે અર્પણ કરાશે**








ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના જાણીતા અમિતાભ બચ્ચનના ફેન તેમજ અમિતાભ બચ્ચન ફેન ક્લબના પ્રમુખ એડવોકેટ દિલીપસિંહ બિહોલા તથા શ્રી રાજપુત વિદ્યાસભા ગુજરાત દ્વારા અમદાવાદના ગોતા ખાતે હરિસિંહ સરવૈયા રાજપૂત સમાજભવન ખાતે તા.૨૫મી ફેબ્રુઆરી શનિવારે રાત્રે દરમ્યાન "એક શામ અમિતાભજી કે નામ" મ્યુઝિકલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જાણીતી લાખિયા બ્રધર્સ એન્ડ પાર્ટીએ સંગીત પીરસ્યું હતું. દિલીપસિંહ બોહોલા દ્વારા મહાનાયક અમિતાભ બચ્ચનના લોકપ્રિય ગીતોની દમામદાર પ્રસ્તુતિ કરવા ઉપરાંત ખાસ "જુનિયર બચ્ચન" તરીકે જાણીતા ભાવનગરના પિનાકિન ગોહિલે તેમના ડાન્સ પરફોર્મન્સ સાથે દર્શકોને ખુબ ડોલાવ્યાં હતાં. કાર્યક્રમમાં લાખિયા બ્રધર્સના હિમાંશુ લાખિયા, મેહુલ લાખિયા સહિત મયુરી સોનીએ પણ સુંદર પરફોર્મન્સ આપ્યું હતું. કાર્યક્રમનું મિમિક્રી-જોક્સ સાથે રમુજી સંચાલન કરીને નરેશ વોરાએ પણ દર્શકોના દિલ જીત્યાં હતાં. ગાંધીનગરની અમિતાભ બચ્ચન ફેન ક્લબના સભ્યોએ "એક શામ અમિતાભજી કે નામ" કાર્યક્રમમાં મિલેનિયમ સ્ટાર અમિતાભની તસવીરો સાથેની ટી-શર્ટ પહેરીને કાર્યક્રમમાં ડાન્સ કરી કાર્યક્રમમાં અનોખો રંગ જમાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર કાર્યક્રમના આયોજનનો ખર્ચ દિલીપસિંહ બિહોલાએ પોતે ઉપાડ્યો હતો અને તેમણે આ કાર્યક્રમમાં થયેલી ટિકિટની તમામ આવક દિલીપસિંહ બિહોલા દ્વારા રાજપુત સમાજની જરૂરિયાતમંદ ગંગાસ્વરૂપ વિધવા બહેનો માટે અર્પણ કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો જેને રાજપૂત વિદ્યાશાખા - ગુજરાત દ્વારા વધાવી લઈને સંસ્થાના પ્રમુખ અશ્વિનસિંહ સરવૈયાના માર્ગદર્શન હેઠળ મહામંત્રી સુખદેવસિંહ વાઘેલા સહિત કારોબારી સભ્યોએ દિલીપસિંહ બિહોલાનું સન્માન અભિવાદન કર્યુ હતું. આ સાથે રાજપૂત વિદ્યાશાખાના મહિલા સંગઠન દ્વારા પણ તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અગાઉથી જ અમિતાભ બચ્ચનના અંગત મેમરી મેકર પરેશ મેહતાના સહયોગથી બેનર પર મહાનાયકના ઓટોગ્રાફ લેવાયાં હતાં અને કાર્યક્રમના સમાપને દિલીપસિંહે સમગ્ર કાર્યક્રમનું વિડિયો રેકોર્ડિંગ અમિતાભ બચ્ચન સુધી પંહોચાડવાની ખાતરી આપી હતી.